CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૩ જુલાઈ, ૨૦૨૬

મજ્જેની LIFE



### ચોમાસા પહેલા આગિયાની અને ચોમાસામાં ધોધની ફોટોગ્રાફી

ચોમાસુ શરૂ થઈ જાય એટલે સુરતીઓને સાપુતારા અને ડાંગની યાદ આવી જાય. જિગ્નેશભાઈ દરબારે જણાવ્યું કે, સુરતી યંગસ્ટર્સમાં ચોમાસાની શરૂઆત પહેલાં જૂન એન્ડ નજીક ડાંગમાં આગિયાની ફોટોગ્રાફી કરવા જવાનું ચલણ છેલ્લાં કેટલાંક વર્ષોથી છે. નર આગિયા માદા આગિયાને આકર્ષવા રાત્રે ઝબકારો કરે છે. ડાંગના જંગલોમાં આ અદ્ભુત દ્રશ્ય રાત્રે એવું લાગે જાણે આકાશમાંથી તારા જમીન પર ઉતરી આવ્યા છે. જેની ફોટોગ્રાફી ગ્રુપ સાથે કરવાની મજા લેવાય છે. વરસાદી સીઝનમાં ડાંગનું કુદરતી સૌંદર્ય ખીલી ઉઠે છે. આ નેચરને માણવા અને વરસાદમાં ગીરા વોટરફોલ, ગિરમાળ ધોધ અને બીજા વોટરફોલ્સનો નજારો કેમેરામાં કેદ કરવા યંગસ્ટર્સમાં ડાંગ જવાનો ટ્રેન્ડ જ બની ગયો છે.

# ચોમાસાને માણવા યંગસ્ટર્સના નવા ટ્રેન્ડ: નેચર ફોટોગ્રાફી, કેફે હોપિંગ

સિટીમાં હવે મેઘરાજા એ ધમધમાટી બોલાવી છે. સુરતીઓમાં હવે વરસાદ એટલે ભજીયા ખાવા, ડુમસ ફરવા જવું, ગરમા ગરમ ચાયની પ્યાલી લઈને બારી પાસે બેસી ચાયની ચૂસકી સાથે વરસાદ પડેનો કર્ણપ્રિય અવાજ સાંભળવો, મનને તરોતાજા કરી દે તેવા પુસ્તકો વાંચવા અને મનપસંદ ફિલ્મો જોવી પૂરતું સીમિત નથી રહ્યું. યંગસ્ટર્સ આજકાલ વરસાદને માણવા અનોખી પ્રવૃતિઓ કરવા લાગ્યાં છે જે આનંદ આપવાની સાથે પ્રોડક્ટિવ અને મનને કાંઈક કર્યાનો સંતોષ પણ આપે છે. કેમ યંગસ્ટર્સને આવી એક્ટિવિટીઝ કરવાનું મન થવા લાગ્યું. વરસદમાં કુદરત સાથે કનેક્ટ થવાય એવી કઈ કઈ એક્ટિવિટીઝ યંગસ્ટર્સ કરે છે અને એનાથી તેમને શું ફાયદો લાગે છે. ચાલો તેના વિશે વિસ્તારમાં જાણીએ...



### વરસાદી સીઝનમાં સાઈકલિંગ કરીને ડાંગના ગામોને એક્સ્પલોર કરાય છે

વરસાદમાં સાઈકલિંગના શોખીન યંગસ્ટર્સને ચોમાસામાં સાયકલ રાઈડિંગની ખૂબ મજા આવે છે. નિતિનભાઈ પટેલે જણાવ્યું કે, ગરમીની સીઝનમાં ડીહાઈડ્રેશન થતું હોય એટલે લોન્ગ સાઈકલ રાઈડ ના થઈ શકે. ગરમીમાં ડીહાઈડ્રેશનથી બચવા સવારે 7 પહેલાં સાયકલિંગ કરવું પડે. ચોમાસામાં વેધર સપોર્ટિવ હોય એટલે ડીહાઈડ્રેટ ઓછું થવાય એટલે લોન્ગ રાઈડની મજા આવે. ચોમાસા દરમિયાન સુરતી યંગસ્ટર્સ બે થી ત્રણ વખત સાયકલ રાઈડિંગની મજા લઈ લે. નદી, ઝરણાં, ગામોનું સૌંદર્ય આ સમયે માણી શકાય. ડાંગમાં કેટલાંક ગામો હજી અનટચ્ડ છે જેને સાયકલ રાઈડિંગ કરીને એક્સ્પલોર કરવાની મજા આવતી હોય. કેટલાંક ગામોમાં કાર ના જઈ શકતી હોય ત્યારે સાયકલિંગ કરીને આ ગામોમાં પહોંચી ગ્રામીણ જીવનને જાણી શકાય છે. યંગસ્ટર્સ ચોમાસામાં સાયકલિંગ અને બાઈક રાઈડિંગની મજા અચૂક લે છે.



### યંગસ્ટર્સમાં વરસાદમાં સ્પોર્ટ્સ રમવાનો રોમાંચ વધી જાય છે

તમને અત્યારે સીટીમાં વરસતા વરસદમાં ફૂટબોલ અને વોલીબોલ રમતા યંગસ્ટર્સ દેખાશે. હિરલ સવાણીએ જણાવ્યું કે, સ્પોર્ટ્સપ્રિય લોકોમાં વરસાદમાં આ સ્પોર્ટ્સ રમવાનો રોમાંચ વધી જતો હોય છે. ભીંજાયેલું શરીર અને કીચડ કે વરસાદી પાણીથી ભરાયેલા મેદાનમાં લપસી ને ડાઈવ લગાવાનો અનુભવ યાદગાર હોય છે. વરસાદ શરૂ થઈ જાય એટલે ગરમીથી રાહત મળે, વરસાદ દરમિયાન ઠંડી હવાઓ વચ્ચે રમવું શરીર અને દિમાગને ઉર્જાથી ભરી દે છે. વરસાદમાં ફૂટબોલ અને વોલીબોલ રમવાની અનોખી મજા આવતી હોય છે અને ખૂબ રોમાંચક ફીલિંગ આપે છે. સુરતી યંગસ્ટર્સ ક્રિકેટ ઉપરાંત હવે તો અન્ય સ્પોર્ટ્સમાં ખાસ્સી દિલચસ્પી લે છે.



### વરસાદમાં કેફેમાં કોફી અને હોટ ચોકલેટની મજા આવી જતી હોય

હવે તો સુરત સિટીમાં કેફે કલ્ચર દરેક ઉમરના લોકોમાં ખાસ્સું ફૂલયુફાલ્યું છે. મિતેશ દિયોરાએ જણાવ્યું કે, વરસાદની હેલી વરસતી હોય ત્યારે યંગસ્ટર્સ કેફેમાં બેસીને કોફીનો ટેસ્ટ સુરીલા મ્યુઝીકની વચ્ચે લેવાનું કેટલાક વર્ષોથી પસંદ કરવા લાગ્યા છે. કેફેમાં બેસી હોટ ચોકલેટ ડ્રિંકનો સ્વાદ માણવો પણ આજકાલ ખૂબ ટ્રેન્ડમાં છે. સુરતીઓના એવરગ્રીન ડુમસના ભજીયા અને આદુ મસાલાની ચા સાથે હવે કેફે પણ યંગસ્ટર્સમાં મોન્સૂન ફેવરિટ બની રહ્યા છે. ડુમસ સિટીથી થોડું દૂર હોય એટલે વરસાદની હેલી વચ્ચે લોન્ગ ડ્રાઈવની મજા આવે છે.



### વરસાદમાં મોટાપાયે થતાં વૃક્ષારોપણમાં યુવા સ્વયંસેવકો

વરસાદી સિઝનમાં વૃક્ષારોપણ મોટાપાયે થાય છે કેમકે, આ સમય દરમિયાન માટીમાં કુદરતી ભીનાશ અને પર્યાપ્ત પાણી હોય છે જે રોપાના મૂળને મજબૂત કરવામાં મદદ કરે છે. નિલેષભાઈ વાંકાવાલાએ જણાવ્યું કે, આજની જનરેશન પર્યાવરણનું મહત્ત્વ સમજવા લાગી છે તેઓ ચોમાસા દરમિયાન થતા વૃક્ષારોપણ અભિયાનમાં જોડાય છે. રોપા વાવે છે તેને પાણી સીંચે છે. તેઓ ખાતર નાખવામાં મદદરૂપ થાય છે. હવે જુલાઈમાં વૃક્ષારોપણ શહેરમાં ઠેર ઠેર થશે ત્યાં યુવા સ્વયંસેવકોની સંખ્યા વધારે જોવા મળશે.



### યુવાઓને વરસાદમાં નેચરવૉક કરવું ગમે છે

વરસાદમાં માટીની ભીની ખુશ્બુ, વૃક્ષોના પાંદડાઓ પર પાણીના ટીપાં પડવાનો અવાજ અને ઠંડી હવાનો અહેસાસ કરવા યંગસ્ટર્સ સુરક્ષિત જગ્યાઓ પર નેચરવૉક કરવા નીકળી પડે છે. નેચરવૉક કરવાની સાથે વૃક્ષોના પાંદડા પર ટપકતા વરસાદી પાણી, વરસાદને કારણે વૃક્ષની નમી ગયેલી ડાળખીઓના સ્કેચ કરવાનું હવે યુવાઓ પ્રિફર કરવા લાગ્યાં છે. આ રીતે નેચર સાથે કનેક્ટેડ હોવાનો અહેસાસ થાય છે.

# ભક્તિના માર્ગે સુરતી યંગસ્ટર્સ: રથયાત્રામાં વિવિધ સેવા માટે સક્રિય થયા યુવા

અત્યારની યંગ જનરેશનને ઘણીવાર પાર્ટીઝથી અલગ પ્રભુ ભક્તિનો માર્ગ શાંતિ આપે છે. હમણાં હમણાં જે બદલાયેલું ચિત્ર જોવા મળે છે તેમાં ભજન કલબિંગ કે જેમાં હરે ક્રિષ્ણા હરે રામાની ધૂન ચાલતી હોય છે, જેમાં અલગ અલગ ભજન ગવાતા હોય છે તેના તાલ પર Gen-Z ઝૂમતા દેખાય છે. છેલ્લાં કેટલાંક સમયથી યંગ જનરેશન ઈસ્કોન મંદિરમાં કીર્તન કરતી જોવા મળે છે. આ જ યુવા પેઢી રથયાત્રામાં પણ પોતાની સેવા આપવા લાગી છે. રથનો શણગાર કરવાથી લઈને પ્રસાદ બનાવવા અને વિતરણ કરવા સુધીના સેવાના માર્ગથી તેઓ ભગવાનને ભજવા લાગ્યાં છે. રથયાત્રામાં સેંકડો મહિલાઓ પણ ભગવાનની અનોખી રીતે ભક્તિ કરતી જોવા મળે છે. ફૂલો અને જવેલરીના શણગારમાં જોડાઈને સુરતી યુવતીઓ અને મહિલાઓ પણ ભગવાનની ભક્તિમાં લીન થઈ રહી છે. આમાના ઘણાં યંગસ્ટર્સ એવા છે જેમણે ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે અને ઉચ્ચ હોદાઓ પર છે. ચાલો રથયાત્રા અને ઈસ્કોન મંદિરમાં યુવાઓ કઈ રીતે ભગવાનની સેવા કરી રહ્યાં છે તેને આપણે આગામી 16 જુલાઈના રોજ નિકળનારી રથયાત્રાને લઈને જાણીએ...






### રથયાત્રામાં 3000 ભક્તોની સેવા હોય

પ્રસાદ સેવા રથયાત્રાના દસ દિવસ પહેલાં શરૂ થાય. ડ્રાય પ્રસાદ જેમકે બુંદી પછી લીલો પ્રસાદ જેમકે, શાકભાજી, મીઠાઈ રથયાત્રાના દિવસે સવારે બનાવવા 300 યુવા જોડાતા હોય. પીરસવા સ્વચ્છતા માટે 150થી 200 ભક્તો મળીને રથયાત્રામાં લગભગ 3000 ભક્તો સેવા આપે. આ ભક્તો સુરતના અલગ અલગ વિસ્તારથી સેવા માટે આવતા હોય છે.



### યંગસ્ટર્સ ભગવાનના શ્રૃંગાર, બુંદી પેકેટ્સ બનાવવા સહિતની સેવામાં જોડાય

ઈસ્કોન મંદિરમાં રથયાત્રા દરમિયાન યંગસ્ટર્સ અનેક પ્રકારની સેવામાં જોડાય છે. ભગવાનના શૃંગાર, મંદિરના ડેકોરેશન, રથના ડેકોરેશન, નાના નાના વિગ્રહના અભિષેક, મેનેજમેન્ટમાં સેવા આપે. લોકો પાસે ડોનેશન લેવા જવું સવારે ડોનર્સના ભોજન પ્રસાદની સેવા, 35-40 હજાર માણસોની ખીચડી કઢીના પ્રસાદની સેવા, રથયાત્રા દરમિયાન બુંદીના પેકેટ્સ ભક્તો ને પ્રસાદમાં આપવામાં આવે છે તે પ્રસાદ બનાવવાથી લઈ તેના પેકેટ્સ તૈયાર કરવા ઉપરાંત તેનું વિતરણ કરવું વિ. સેવા કરતા હોય છે. તેઓ સ્વેચ્છાએ ઉજાગરા કરીને, રજા પાડીને સેવામાં જોડાય છે. આ ઉપરાંત ભગવાનના મંદિરને પુષ્પોથી સજાવવા, રથને ફૂલોથી સજાવવા અને સૌથી મોટી સેવા એટલે રથ ખેંચવો અને રથયાત્રામાં સુંદર કીર્તન કરવું.





### 200થી 250 મહિલાઓ ફુલોના હાર, મુગટ બનાવે

રથયાત્રાના આગલા દિવસે 200થી 250 મહિલાઓ ફુલોના હાર, મુગટ, બાજુબંધ, કડા બનાવે. મોટાભાગે તો સુરતથી જ ફૂલ મેળવાય છે પણ મુંબઈ, બેંગ્લોર,વડોદરાથી પણ આઇસ બોક્સમાં મંગાવવામાં આવે. ભગવાનના વિશેષ મૂડ પ્રમાણે જવેલરી ડિઝાઇન કરવામાં આવતી હોય છે. જવેલરી બનાવવા માટેના મોતી મુંબઈથી તો કેટલીક બીજી વસ્તુઓ દિલ્હીથી મંગાવવામાં આવે છે.



### યુવતીઓ મીઠાઈ, જ્વેલરી અને ભગવાનના વાઘા બનાવવાની સેવા કરે

ઇસ્કોનની જ વાત કરીએ તો ઈસ્કોન મંદિરના બ્રહ્મતીર્થ દાસજી તરફથી જણાવવામાં આવ્યું કે, બંને યુવકો અને યુવતીઓની સેવા અલગ અલગ પ્રકારની હોય છે. યુવતીઓ ભગવાન જગન્નાથના છપ્પન ભોગની, મંદિરના અંદરના જે ભોગની સેવા હોય તેની સબ્જી સમારવાની, મીઠાઈ બનાવવાની, ભગવાનની નાની જ્વેલરી બનાવવાની, ભગવાનના વાઘા બનાવવાની સેવા કરે છે અને શીખે પણ છે.

